# દિલ્હીમાં મોદીએ ચૂંટણી પ્રચારનું રણશિંગૂ ફુંક્યું

નવીદિલ્હી,તા. ૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ચૂંટણી પ્રચાર માટેનું રણશિંગૂ ફૂંકી દીધું હતું. વિશાળ રેલીને સંબોધતા મોદીએ તેમની વિશેષ શૈલીમાં નામ લીધા વગર એએપીના નેતો અરવિંદ કેજરીવાલ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. રામલીલા મેદાનમાં આયોજિત રેલીને સંબોધતા વડાપ્રધાને પોતાની સરકારની સિદ્ધિઓની વાત કરી હતી અને દિલ્હીને વધુ શ્રેષ્ઠ બનાવવાનું વચન આપ્યું હતું. દિલ્હીમાં ૨૪ કલાક વિજળી ઉપલબ્ધ કરાવવાના વચનની સાથે જાહેરાત પણ કરી હતી કે, મોબાઈલ ફોનની સેવાની જેમ જ વિજળી કંપનીઓ સેવા બદલવાના વિકલ્પ દિલ્હીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. મોદીએ કહ્યું હતું કે દિલ્હીમાં ખોટી વાત કરવાની ફેક્ટરીઓ ચાલી રહી છે. આ ફેક્ટરીઓને અમે પરાજિત કરવાની સ્થિતિમાં નથી. ખોટી વાતને પ્રજા જ ફગાવી શકે છે. લોકો ખોટી વાત કરી રહ્યા છે. ભાજપ સત્તામાં આવ્યા બાદ નિવૃત્તિની વય ૬૦ વર્ષથી ઘટાડીને ૫૮ વર્ષ કરી દેવામાં આવશે. આ ખોટી વાત ફેલાવનાર કોણ છે. અમે તો આ દિશામાં વિચારી રહ્યા પણ નથી. રોજેરોજ ખોટી વાત સપાટી ઉપર આવી રહી છે. અરવિંદ કેજરીવાલ પર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, દિલ્હીમાં અરાજકતાને ચલાવી લેવામાં આવશે નહીં. જે લોકો આવું કરવા ઈચ્છે છે તે લોકો નક્સલીઓની સાથે વન્ય વિસ્તારમાં જતા રહે. જે લોકોની પાસે ધરણાની માસ્ટરી છે તે લોકોને એજ કામ કરવાની લોકો તક આપે તે જરૂરી છે. તેમને ધરણાનું જ કામ સોંપવું જોઈએ. અમારી પાસે સારી સરકાર ચલાવવાની માસ્ટરી છે. દિલ્હીને વ્યવસ્થા, સુશાસનની જરૂર છે. અરાજકતાની જરૂર નથી. દિલ્હીમાં એક વર્ષ ખરાબ થઈ ચુક્યું છે. આ વર્ષ ખરાબ કરનાર કોણ છે. દિલ્હીને અસ્થિર કરનાર કોણ છે. લોકોને ૨૪ કલાક વિજળી ઉપલબ્ધ કરાવવામાં આવશે. ખોટા વચનો અને ભડકાઉ ભાષણોથી ગરીબોને ફાયદો થશે નહીં. જે રીતે એક મોબાઈલ કંપનીની સેવા પસંદ નહીં આવવાની સ્થિતિમાં સીમ બદલી દેવામાં આવે છે તેવી જ રીતે આવનાર દિવસોમાં સરળતાથી કોઈપણ કંપનીથી વિજળી ખરીદવાની સુવિધા મળશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, દરેક સમસ્યાનો ઉકેલ છે. ઈરાદા મજબૂત રહેવા જોઈએ. ભ્રષ્ટાચારને ઉપરની સપાટીથી ખતમ કરવાની શરૂઆત થઈ ચુકી છે. સાત મહિના દિલ્હીમાં થઈ ચુક્યા છે. કોઈ વિરોધી પણ આક્ષેપ કરવાની સ્થિતિમાં નથી. ૨૦૨૨ સુધી દરેક ગરીબ પર છત રહે તેવું તેમનું સ્વપ્ન છે. આ વચનને પૂર્ણ કરવા ઈચ્છુક લોકો તેમનો સાથ આપે તેવી મોદીએ અપીલ કરી હતી. આજથી ૩૦ -૪૦ વર્ષ પહેલા દુનિયા અને ભારતમાં રાજનીતિનો દોર ચાલતો હતો. પરંતુ હવે સ્થિતિ બદલાઈ ચુકી છે. મોદીએ કેન્દ્ર સરકારની જનધન યોજનાની ભારે પ્રસંસા કરી હતી અને કહ્યું હતું કે, આનાથી માત્ર ગરીબોના ઝીરો બેલેન્સથી ખાતુ ખોલવામાં આવ્યું નથી. ગરીબો માટે એક લાખ રૂપિયાનું વિમા કવચ પણ કરવામાં આવ્યું છે. આના માટે પ્રિમિયમ સરકાર ભરશે. કેન્દ્ર અને દિલ્હીમાં કોંગ્રેસની સરકાર હતી પરંતુ લાખો ગરીબો પાસે ખાતા ન હતા. માત્ર દિલ્હીમાં ૧૯.૫ લાખ ગરીબો માટે ખાતા ખોલવામાં આવી ચુક્યા છે. એક સપ્તાહમાં એક કરોડ ખાતા ખુલી રહ્યા છે. હજુ સુધી ૧૧ કરોડ ખાતા ખુલી ચુક્યા છે. ઝીરો બેલેન્સની યોજના બાદ પણ ગરીબોએ આ ખાતામાં સાડા આઠ હજાર કરોડ રૂપિયા જમા કર્યા છે. જનધન યોજનાથી જ સ્પષ્ટ થઈ જાય છે કે, અમીરો માટે કોણ કામ કરે છે અને ગરીબો માટે કોણ કામ કરે છે. મોદીએ અનેક મુદ્દાઓ ઉપર જોરદાર પ્રહારો કર્યા હતા. મોદીએ તેમના ભાષણમાં કહ્યું હતું કે, હરિયાણા અને ઘણા રાજ્યોમાં એક પછી એક સફળતા મળી રહી છે.



## રાહુલ ગાંધીને કોંગી પ્રમુખ બનાવવાની અંતિમ તૈયારી

નવી દિલ્હી,તા. ૧૦

લોકસભાની ચૂંટણી અને ત્યારબાદ યોજાયેલી વિવિધ રાજયોમાં વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ફ્લોપ શો બાદ પણ રાહુલ ગાંધીને કોંગ્રેસના પ્રમુખ બનાવવા માટેની હિલચાલ શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલેને જવાબદારી સોંપવા માટે જોરદાર હિલચાલ ચલાવી રહ્યા છે. કોંગ્રેસના



વરિષ્ઠે નેતા દિગ્વિજસિંહ આ સંબંધમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને મળી ચુક્યા છે. મંગળવારના દિવસે કોંગ્રેસ કારોબારી સમિતીની મહત્વપૂર્ણ બેઠક યોજનાર છે. જેમાં આ મુદ્દે વાતચીત થાય તેવી શક્યતા છે. આ બેઠકમાં કોંગ્રેસના તમામે નેતાઓ હાજરી આપે તેવી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે તાજતેરના સમયમાં કોંગ્રેસની પ્રતિષ્ઠા નાગરિકોમાં સંપૂર્ણપણે ખરડાઈ ગઈ છે. દરેક રાજ્યમાં તેની ચૂંટણીમાં કારમી હાર થઈ રહી છે. આવી સ્થિતીમાં કોંગ્રેસમાં નવા પ્રાણ ફુંકવા માટેના પ્રયાસો ચાલી રહ્યા છે. રાહુલને સંપૂર્ણપણે જવાબદારી સોંપવા માટેની માંગ પહેલા પણ થતી રહી છે. આ માંગ હવે ફરી થઈ રહી છે. કોંગ્રસના કેટલાક લોકો રાહુલની જોરદાર તરફેણ કરી રહ્યા છે. જો કૈ કેટલાક અન્યને પણ જવાબદારી સોંપવામાં આવે તેમ અંદરખાને ઈચ્છે છે. જો કે રાહલુને મોટી જવાબદારી સોંપવાની તરફેણ મોટા ભાગના કોંગ્રેસી નેતાઓ કરી રહ્યા છે. હાલમાં કોંગ્રેસની હાલત ખુબ ખરાબ છે. આવી સ્થિતીમાં કોંગ્રેસને નવેસરથી મજબુત કરવાના પ્રયાસો ઝડપી બનાવીં દેવામાં આવ્યા છે. રાહુલને પક્ષ પ્રમુખ બનાવવાને લઈને કોંગ્રેસમાં હેવે ચર્ચા શરૂ થઈ છે.

## જૂનમાં હડતાળ પાડવાની ધમકી આપવામાં આવી

## રેલવેમાં એફડીઆઈનો યુનિયન દ્વારા જોરદાર વિરોધ

નવીદિલ્હી, તા.૧૦

રેલવેના એફડીઆઈનો યુનિયનો દ્વારા જોરદાર વિરોધ કરવામાં આવ્યો છે. સાથે સાથે હડતાળ પાડવાની ધમકી પણ આપવામાં આવી છે. નેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયન રેલવેમેને રેલવેમાં એફડીઆઈ માટેની કેન્દ્રની દરખાસ્તનો વિરોધ કર્યો છે. આ વર્ષે જૂનમાં અચોક્કસમુદ્દતની હડતાળ પાડવાની ધમકી પણ આપી છે. એનએફઆઈઆરના જનરલ સેક્રેટરી રાગવૈયાએ કહ્યું હતું કે, રેલવેમાં એફડીઆઈ માટેની કોઈ જરૂર દેખાઈ રહી નથી. સરકાર રેલવેને ધીમીગતિએ વિદેશી હાથને સોંપી દેવા ઈચ્છુક છે. જે રીતે ઈસ્ટ ઈન્ડિયા કંપનીની એન્ટ્રી થઈ હતી તેવી જ રીતે હિલચાલ આગળ વધી રહી છે. એનએફઆઈઆરે રેલવે કર્મચારીના પ્રોવિડંડ ફંડ માથી લોન



લઈ લેવા રેલવે મંત્રાલયને અપીલ કરી હતી. રેલવે કર્મચારીઓને લઈને પણ વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. એનએફઆઈઆરે રેલવે પ્રધાન સુરેશ પ્રભુ સાથે એફડીઆઈના વિરોધ મુદ્દે વાતચીત કરી છે. સાથે સાથે એફડીઆઈ ખતરનાક બની શકે છે તેવી વાત પણ કરી હતી. બહુમતિ યુનિયનનું પ્રતિનિધિત્વ કરનાર એનએફઆઈઆરે કહ્યું છે કે, સરકાર રેલવેમાં સુરક્ષા પાસાની અવગણના કરી રહી છે. ઓપરેટિંગ અને અન્ય સંબંધિત વિભાગોમાં ખાલી જગ્યાઓ ભરવામાં આવી રહી નથી. લોકો સારી સુવિધા માટે વધુ રકમ ચુકવવા તૈયાર છે. રેલવેએ સરકારને નવ હજાર કરોડનું ડિવિડંડ આપવું જોઈએ નહીં. દેશમાં ૨૨ કરોડ સિનિયર સિટીઝન છે. આ છુટછાટના કારણે રેલવેને ભારે નુકસાન થઈ રહ્યું છે. સિનિયર સિટીઝનોની સુવિધા સામે પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. આ સમિતિએ બોનસ મર્યાદા, ડીએના મર્જરને ડ્યુ કરવાની વાત કરી છે.

## સુનંદા કેસમાં શશી થરુરની આજે પુછપરછ થઇ શકે છે

નવીદિલ્હી, તા.૧૦

દિલ્હી પોલીસે સુનંદા પુષ્કર રહસ્યમય મોત કેસના સંદર્ભમાં કોંગ્રેસના સાંસદ અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન શશી થરુરની રવિવારે એટલે કે આવતીકાલે પુછરપછ કરે તેવી શક્યતા છે. કેસમાં એકપછી એક નવા વળાંક આવી રહ્યા છે. પુષ્કરના મોત મામલે તપાસ કરનાર ખાસ તપાસ ટીમ સમક્ષ થરુરની પુછપરછ થઈ શકે છે. સુનંદાના શરીર પર ઈજાના નિશાન અને ડાબી આંગળીમાં નિડલના નિશાન અંગે થરુરેને પ્રશ્નો કરવામાં આવી શકે છે. પોલીસે હવે ચાવીરુપ સાક્ષીઓની યાદી પણ તૈયાર કરી લીધી છે. પોલીસે મંગળવારના દિવસે સુનંદા કેસમાં આઈપીસીની કલમ ૩૦૨ હેઠળ હત્યાનો કેસ દાખલ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હી પોલીસે મંગળવારે ધડાકો કર્યો હતો કે, કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશી થરુરના પત્નિ સુનંદા પુષ્કરે આત્મહત્યા કરી ન હતી પરંતુ તેની હત્યા કરવામાં આવી હતી. પોલીસના આવા ઘટસ્ફોટથી સમગ્ર મામલામાં નવો વળાંક આવી ગયો હતો. આ ઘટસ્ફોટથી કોંગ્રેસના નેતા શશી થરુર ઉપર દબાણ વધે તેવા સંકેત છે. શશી થરુરની પુછપરછ કરવામાં આવે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. આઈપીસીની કલમ હેઠળ દિલ્હી પોલીસે હત્યાનો કેસ દાખલ કર્યો હતો. સુનંદા પુષ્કર ૧૭મી જાન્યુઆરી ૨૦૧૪ના દિવસે લકઝરી હોટલમાં રહસ્યમય સંજોગોમાં મૃત હાલતમાં મળી આવી હતી.

સુનંદાના મામલામાં આઈપીસીની કલમ ૩૦૨ હેઠળ કેસ નોંધીને તપાસ હાથ ધરાઈ છે. એમ્સ તરફથી મેડિકલ અહેવાલ મળી ચુક્યો છે. સુનંદાને ઝેર આપવામાં આવ્યું હતું. તેને ઈન્કજેક્શન મારફતે અથવા તો મો મારફતે દવા પીવડાવવામાં આવી હતી. કુદરતી મોત સુનંદાનું ન હતું. ૨૯મી ડિસેમ્બરના દિવસે તેને મેડિકલ રિપોર્ટ મળ્યો હતો. પુષ્કરને કેટલા પ્રમાણમાં ઝેર અપાયું હતું તેમાં તપાસ ચાલી રહી છે.

## બરાક ઓબામાના કમાન્ડો મોરચા સંભાળી ચુક્યા છે

નવી દિલ્હી,તા. ૧૦

અમેરિકી પ્રમુખ બરાક ઓબામાની સાથે રહેનાર અમેરિકી સિક્રિટ સર્વિસના કમાન્ડો મોરચા પહેલાથી જ સંભાળી ચુક્યા છે. એરફોર્સ વન પહોંચે તે પહેલા કમાન્ડો પહોંચી ગયા છે. મોર્યા શેરેટનના ત્રણ ફ્લોર આ એજન્ટો સંભાળી ચુક્યા છે. આમાંથી વચ્ચેના ફ્લોર પર બરાક ઓબામા રોકાશે. અમેરિકી પ્રમુખ ઓબામા મોદીના આમંત્રણ પર ભારત પહોંચી રહ્યા છે. તેઓ ભારતના પ્રજાસત્તાક દિવસના પ્રસંગે મુખ્ય મહેમાન રહેશે. વીવીઆઈપી સુરક્ષા સાથે જોડાયેલા દિલ્હી પોલીસના અધિકારીઓએ કહ્યું છે કે ઓબામાની સુરક્ષાની જવાબદારી તેમની સુરક્ષા ટીમના જવાનોની દેખરેખમાં થઈ રહી છે. સિક્રિટ સર્વિસના એજન્ટ પરિસ્થિતી પર નજર રાખી રહ્યા છે. પાટનગરમાં ઓબામાના રોકાણ અને તમામ કાર્યક્રમના સંબંધમાં સુરક્ષાની જવાબદારી એજન્ટ સંભાળી રહ્યા છે. આ એજન્ટો તેમની યોજના મુજબ આગળ વધી રહ્યા છે. ૨૬મી જાન્યુઆરીના દિવસે સવારે પરેડમાં પહોંચવાના સમયમાં પણ ઓબામાને ભારતના રાષ્ટ્રપતિની ગાડીમાં બેસાડાશે નહી. આ એજન્ટો ગોળીબાર વચ્ચે પોતાની જાનની ચિંતા કરતા નથી. પોલીસના કેટલાક અધિકારી સરકારી પ્રવાસ વેળા અમેરિકા જઈને તેમની ટ્રેનિંગ નિહાળી ચુક્યા છે. ૩૦મી જાન્યુઆરી ૧૯૮૧ના દિવસે વોશિંગ્ટન ડીસીમાં તત્કાલીન પ્રમુખ રોનાલ્ડ રેગન પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેમાં સિક્રિટ સર્વિસના એજન્ટે મોરચો સંભાળી લીધો હતો. રેગનના બચાવમાં ટિમોથી મેકાર્થીને પગમાં ઈજા થઈ હતી. સમયસર હોસ્પિટલમાં પહોંચી જવાના કારણે રેગન બચી ગયા હતા. આ એજન્ટ પ્રમુખના પ્રથમ સુરક્ષાના ઘેરામાં રહે છે. ત્યારબાદ ભારતની જેમ લોકલ પોલીસ રેહે છે. ઓબામાની બારત યાત્રાને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે.

## સંજય દત્તના ફરલોહને લંબાવવાનો ઈન્કાર

મુંબઈ, તા. ૧૦

અભિનેતા સંજય દત્તની ફરલોહ લંબાવવા માટેની અરજીને આજે ફગાવી દેવામાં આવી હતી. ડીઆઈજી જેલે એક્સટેન્સન માટેની અરજી ફગાવી દીધી હતી. આમા જણાવવામાં આવ્યું છે કે, સંજય દત્તને હવે પરત ફરવું પડશે. સંજય દત્તની ૧૪ દિવસની ફરલોહ અરજીની અવધિ ૮મી જાન્યુઆરીએ પુરી થઈ હતી અને વધુ બે સપ્તાહ ફરલોહને લંબાવવાની માંગ કરાઈ હતી. મુંબઈમાં તમામ ૯૩ પોલીસ સ્ટેશનનો હવાલો સંભાળનાર જોઈન્ટ પોલીસ કમિશનર ધંનજય કમલાકરે કહ્યું હતું કે, સંજય દત્ત સાથે સંબંધિત કોઈપણ બાબતની ચકાસણી કરવા જેલ સત્તાવાળાઓ તરફથી કોઈ માહિતી મળી નથી. દત્તના ફરલોહને લંબાવવા અંગે ગૃહપ્રધાન રામ શિંદે દ્વારા કોઈ નિર્ણય કરાયો નથી. જો કે, પ્રધાને આ સંદર્ભમાં પુછવામાં આવતા નકારાત્મક જવાબ આપ્યો હતો.

## ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે સિડની ટેસ્ટ અંતે ડ્રો

સિડની,તા.૧૦

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચોથી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ મેચ આજે ભારે રોમાંચક તબક્કામાં પહોંચ્યા બાદ ડ્રોમાં પરિણમી હતી. આની સાથે જ ઓસ્ટ્રેલિયાએ ચાર ટેસ્ટ મેચોની શ્રેણી ૨-૦થી જીતી લીધી હતી. મેન ઓફ ધ મેચ તરીકે સ્મિથની પસંદગી કરવામાં આવી હતી. જ્યારે મેન ઓફ ધ સિરીઝ તરીકે પણ સમગ્ર શ્રેણીમાં શાનદાર દેખાવ કરનાર સ્મિથની પસંદગી કરવામાં આવી હતી. આ ટેસ્ટ મેચના પાંચમા અને અંતિમ દિવસે ઓસ્ટ્રેલિયાએ આજે બેટીંગ કર્યા વગર દાવ ડિક કર્યો હતો. જેથી ભારતને જીતવા માટે ૩૪૯ રનની જરૂર હતી. જીતવા માટેના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે રમત બંધ રહી ત્યાં સુધી સાત વિકેટે ૨૫૨ રન કર્યા હતા. આ ટેસ્ટ અંતે ડ્રો જાહેર કરાઈ હતી. ઓસ્ટ્રેલિયા તરફથી બીજા દાવમાં સ્ટાર્ક અને લિયોને બે-બે વિકેટ ઝડપી હતી. આ ઉપરાંત હેઝલવુડે પણ બે વિકેટ ઝડપી હતી. આ સમગ્ર શ્રેણી મુખ્ય રીતે સ્મિથ અને વિરાટ કોહલી માટે યાદગાર બની ગઈ હતી.ભારત તરફથી વિજયે સૌથી વધુ ૮૦ રન કર્યા હતા. ઓસ્ટ્રેલિયાએ તેના બીજા દાવમાં છ વિકેટ ગુમાવીને ૨૫૧ રન ગઈકાલે બનાવી લીધા હતા અને ઓસ્ટ્રેલિયા ભારત ઉપર કુલ ૩૪૮ રનની લીડ મેળવી લીધી હતી. ઓસ્ટ્રેલિયાએ આજે પાંચમાં અને અંતિમ દિવસે ભારતને વધુ સમય સુધી બેટીંગ કરવાની ફરજ પાડી હતી. તેની યોજના પણ સફળ રહી હતી. એક તબક્કે ભારતની હાલત ખરાબ પણ થઈ હતી. કારણકે, ભારતે ઉપરા ઉપરી રૈના, સાહા અને અશ્વિનની વિકેટ ગુમાવી હતી. ઓસ્ટ્રેલિયા ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં ૨-૦ની લીડ પહેલાથી જ ધરાવે છે. આ ટેસ્ટમાં પણ તેની સ્થિતિ મજબુત દેખાઈ રહી હતી. સ્મિથે શાનદાર દેખાવ જારી રાખીને નવો રેકોર્ડ કર્યો હતો. ઓસ્ટ્રેલિયાએ સતત ચોથી વખત ૫૦૦થી વધુનો સ્કોર કર્યો હતો. અગાઉ બ્રેડમેનના નેતૃત્વમાં ઓસ્ટ્રેલિયન ટીમે શ્રેણીમાં સતત ચાર વખત ૫૦૦નો સ્કોર કર્યો હતો. સ્મિથે તમામનું ધ્યાન ખેંચ્યું છે. સ્મિથે છેલ્લી સાત પ્રથમ ઈનિંગ્સ પૈકી છમાં હવે સદી કરી છે. ચાર ટેસ્ટ મેચોમાં કેપ્ટનો દ્વારા સાત સદી કરવામાં આવી છે જે એક ટેસ્ટ શ્રેણીમાં સૌથી વધારે છે. માઈકલ ક્લાર્કે એક, કોહલી અને સ્ટીવ સ્મિથે ત્રણ-ત્રણ સદી કરી છે.

## રાજૌરીમાં પ્રચંડ ગ્રેનેડ બ્લાસ્ટ થતાં ૧નું મોત

રાજોરી, તા. ૧૦

જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લામાં ગ્રેનેડ બ્લાસ્ટમાં એકનું મોત થયું છે. અને અન્ય કેટલાક લોકો ઘાયલ થયા છે. બ્લાસ્ટના સ્થળની ચકાસણી કરવામાં આવી હતી. કેટલાક દસ્તાવેજો પણ આ સંદર્ભમાં મળી આવ્યા છે. વધુ તપાસ ચાલી રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આ બ્લાસ્ટ કોણે અને કઈ રીતે કર્યો તે સંદર્ભમાં તપાસ ચાલી રહી છે પરંતુ આમા એકનું મોત થઈ ગયું છે. એક વ્યક્તિનું મોત થયા બાદ લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. જમ્મુ કાશ્મીરમાં હજુ પણ મોટાપાયે કટ્ટરપંથીઓ સક્રિય થયેલા છે. ગ્રેનેડ બ્લાસ્ટના અહેવાલ મળ્યા બાદ વરિષ્ઠ પોલીસ અધિકારીએ ઘટના સ્થળે તેમના કાફલા સાથે પહોંચી ગયા હતા. ઉંડી તપાસ ચાલી રહી છે. મૃતકની ઓળખ કરવામાં આવી નથી. રાજૌરીમાં સુરક્ષા વ્યવસ્થા આ બ્લાસ્ટ વધુ તીવ્ર બનાવી દેવામાં આવી હતી. જિલ્લાના ત્રાસવાદગ્રસ્ત ધારહાલમાં આ બ્લાસ્ટ થયો હતો.

## સમાચાર ઝલક

- કોંગ્રેસ પ્રેરિત ખેડૂત આંદોલન નિમિત્તે 'ગામડા બંધ'નો મિશ્ર પ્રતિસાદ સાંપડયો.
- વલસાડ જિલ્લાના પારડી નજીક વિસ્ફોટોનો જથ્થો ઝડપાયો.
- કોંગ્રેસ કાર્યકરોએ ગામડા બંધના બદલે શહેરોમાં ચક્કા જામ કાર્યક્રમો કર્યા.
- વડોદરામાં તડીપાર ગુનેગારો ઝડપાયા.
- ગુજરાતમાં ૧૧ મી થી ૧૭ જાન્યુઆરી માર્ગ સલામતી સપ્તાહ ઉજવાશે.
- અમદાવાદમાં પતંગ મહોત્સવ ટાણે ૪૦ પતંગબાજોએ બહિષ્કાર કર્યો. વર્ષોથી અન્યાય થાય છે. તેનો નિવેડો આવતો નથી.
- ખોખરા વિસ્તારમાં કાર ચાલકે બે મહિલાઓને અડફેટે લીધા.
- ઈન્ફોસીસ સારા પરિણામોથી કર્મચારીઓને ૧૦૦ ટકા બોનસ મળશે.
- આજે પૂર્વ વડા પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીની પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ અપાશે.
- સુનંદા હત્યા કેસમાં પાકિસ્તાની પત્રકાર પાસે માહિતી હોવાની શકયતાઓ.
- પ્રોવિડન્ટ ફંડ ધરાવનારાઓને ઓનલાઈન પેમેન્ટ શરૂ કરાયું.
- ઉત્તરભારતમાં ઠંડી પ્રકોપ યથાવત.
- તમિલનાડુમાં શ્રીકરૂણાનિધિ ૧૧ મી વખત પક્ષપ્રમુખ તરીકે સર્વાનુમતે વરાયા.
- પેરિસમાં મહિલા આતંકવાદી ફરાર થઈ હજુ આતંકી હુમલાની શકયતાઓ.
- ઉત્તર સુમાત્રામાં ૫ ની તીવ્રતાનો ભૂકંપ.

# આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ

### મુખ્યમંત્રી આનંદીબેન દ્વારા આજે સવારે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ : સાબરમતી રિવરફ્રન્ટ ખાતે શરૂ થયેલા પતંગ મહોત્સવમાં ૨૯ દેશના ૧૫૦ પંતગબાજ સામેલ : ભારતના ૨૨૮થી વધુ પતંગબાજો ઉત્સાહપૂર્વક સામેલ



અમદાવાદ, તા.૧૦

જેની ઉત્સુકતાપૂર્વક પતંગબાજો પણ રાહ જોઈ રહ્યા છે તે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની આજે સવારે શરૂઆત થઈ હતી. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સવારે ઉદ્‌ઘાટન કર્યું હતુ. વિશ્વના ૨૯ દેશોના ૧૫૦ પતંગબાદ આમાં સામેલ થયા છે. આ ઉપરાંત દેશના ૧૦ રાજ્યોના ૨૨૮ પંતગબાજ પણ સામેલ થયા છે. અવનવી પતંગો ચગાવીને આકાશમાં રંગબેરંગી માહોલ શરૂઆતમાં જ સર્જી દેવામાં આવ્યો હતો. નરેન્દ્ર મોદીની ગેરહાજરીમાં પ્રથમ વખત આની શરૂઆત થઈ છે. મોદીની ઉપસ્થિતિ ન રહેતા અપેક્ષા કરતા ઓછા લોકો હાજર રહ્યા હતા. આજે સવારે લોકોની પાંખી હાજરી રહી હતી. આ વર્ષે પતંગ મહોત્સવને લઈને વિશેષ ઉત્સાહ છે. રિવરફ્રન્ટ ખાતે થીમ પવેલિયન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. આ પતંગમહોત્સવની સાથે સાથે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે અનેક આકર્ષણો રાખવામાં આવ્યા છે જેમાં આદિત્ય સ્તુતિ, સૂર્યનમસ્કાર, થિમ પવેલિયનનો સમાવેશ થાય છે. સાબરમતી નદીના કિનારે આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ પર્વે ૨૦૦૦ બાળકોનો સૂર્યનમસ્કારનો અભિનવ કાર્યક્રમ રહ્યો હતો. સવારે બે હજાર બાળકો દ્વારા સુર્ય નમસ્કાર કાર્યક્રમે આકર્ષણ જમાવ્યું હતુ. રિવરફ્રન્ટ ઉપર પતંગોત્સવને લઈને તમામ તૈયારીઓ પહેલાથી જ કરવામાં આવી હતી. સઘન સુરક્ષા વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. રાજ્ય સરકાર અને પ્રવાસન વિભાગ દ્વારા દર વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે અને દેશ વિદેશના લોકો આ ઉત્સવમાં સહભાગી બને છે. ગુજરાતના આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં માત્ર દેશના જ નહીં બલકે વિદેશના પ્રવાસીઓ આકર્ષિત થાય છે. પતંગોત્સવમાં ભાગ લેવા માટે મોટી સંખ્યામાં વિદેશીઓ પહેલાથી જ આવી પહોંચ્યા છે. ગુજરાતમાં પતંગ ઉત્સવનું આંતરરાષ્ટ્રીય કક્ષાએ આયોજન થતા આ દિવસો દરમ્યાન રાજ્યમાં વિદેશ પ્રવાસીઓની સંખ્યામાં સારો એવો વધારો જોવા મળે છે. રાજ્ય સરકાર અને પ્રવાસન વિભાગના આ પ્રકારના સફળ આયોજનથી રાજ્યનું અર્થતંત્ર પણ વધુ મજબુત બન્યું છે એટલું જ નહીં પતંગ બનાવીને પોતાનું ગુજરાન ચલાવનાર ધંધાર્થીઓની પણ આર્થિક સ્થિતિ સુધરી છે અને અન્ય આનુષંગિક રોજગારીની તકોમાં પણ વધારો થયો છે. પતંગોત્સવમાં રાજ્યના પતંગબાજો સાથે દેશ વિદેશનાં પતંગબાજો પણ પોતાનું કૌશલ્ય ઝળકાવશે. આ પતંગ ઉત્સવના ભાગરૂપે આજે સાબરમતી રીવરફ્રન્ટ ખાતે થીમ પેવેલીયનનું ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ અને કાર્યક્રમો રજુ કરાયા હતા. મુખ્યમંત્રીએ થીમ પેવેલીયનની અને અન્ય સુવિધાઓની મુલાકાત લીધી હતી. સૂર્યની સ્તુતિની સાથે ૨૦૦૦ વિદ્યાર્થીઓ દ્વારા સૂર્ય નમસ્કાર સ્વરૂપે અંગ કસરતના કરતબો રજુ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે દર વર્ષની જેમ આ વર્ષે પણ પતંગની થીમ પણ આપણી સંસ્કૃતિની ઝલક સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા રજુ કરાઈ હતી. છેલ્લા કેટલાક દિવસથી રિવરફ્રન્ટ ખાતે પતંગ ઉત્સવની તૈયારી ચાલી રહી હતી.

પતંગોત્સવને લઈને હંમેશા ગુજરાતમાં વિશેષ ઉત્સાહ રહે છે. દર વર્ષની જેમ જ આ વર્ષે પણ જોરદાર આયોજન કરવામાં આવ્યું છે. પતંગોત્સવની શરૂઆત પરંપરાગતરીતે મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવે છે. આ વખતે આનંદીબેને આની શરૂઆત કરાવી હતી. આનંદીબેને પણ પતંગોત્સવની મજા માણી હતી. પતંગોસ્વને લઈને લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.